**BRAMPTON Flower City** brampton.ca

**Service and Information Update**

ફેબ્રુઆરી 15,2018

## બ્રામ્પટન શહેરમાં ફેમિલી ડે 2018

બ્રામ્પટન, ઓન્ટેરિયો - સોમવાર, ફેબ્રુઆરી 19 નાં રોજ, બ્રામ્પટન સીટી હોલ ફેમિલી ડે કાર્યક્રમ માટે બંધ રહેશે. શહેરની સંખ્યાબંધ સેવાઓ અનુપલબ્ધ રહેશે અથવા સેવા સ્તરોમાં ઘટાડા સાથે કાર્યરત રહેશે. રહેવાસીઓ આ સમય દરમિયાન રૂબરૂમાં મેરેજ લાયસન્સીસ મેળવવા અરજી કરી શકશે નહિ, પાર્કિંગ દંડ ચૂકવી શકશે નહિ, અથવા પરમીટ્સ મેળવવા અરજી કરી શકશે નહીં. ઓનલાઇન વિકલ્પો માટે કૃપા કરી વેબસાઇટ જુઓ, www.brampton.ca

સંખ્યાબંધ સેવાઓ રાબેતા મુજબ કાર્યરત રહેવાનું ચાલુ રહેશે, જેમાં સામેલ છેઃ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ (અગ્નિશમન અને કટોકટી સેવાઓ) અને સીટી ઓફ બ્રામ્પટન બાય-લૉ એન્ફોર્સમેન્ટ.

બ્રામ્પટન શહેર સેવામાં તમામ ફેરફારો અને સેવા બંધ રહેવાને લગતી વધુ માહિતી માટે, કૃપા કરી 311 નંબર પર ફોન કૉલ કરો અથવા વેબસાઇટ જુઓ, www.brampton.ca

### ટ્રાન્ઝિટ સેવાઓ

બ્રામ્પટન ટ્રાન્ઝિટ રવિવાર/રજાના દિવસની સેવા સોમવાર, ફેબ્રુઆરી 19 નાં રોજ પૂરી પાડશે, અને ટ્રાન્ઝિટ સ્ટોર્સ બંધ રહેશે.

માર્ગ અને સમયપત્રક (રૂટ અને સ્કેડ્યુલ) માહિતી માટે, 905.874.2999 નંબર પર ફોન કરો અથવા વેબસાઇટ www.bramptontransit.com જુઓ અને રિયલ-ટાઇમ (વાસ્તવિક સમયે) આગામી બસ માહિતી મેળવવા નેક્ષ્ટ રાઇડ (Next Ride) નો ઉપયોગ કરો. સ્માર્ટફોન કે અન્ય મોબાઇલ ડિવાઈસ મારફતે વેબસાઇટ nextride.brampton.ca પર હાલની (ઓન ધ ગો) નેક્ષ્ટ બસ માહિતી જુઓ.

### મનોરંજન

સોમવાર, ફેબ્રુઆરી 19 નાં રોજ, રિક્રિએશન સેન્ટર્સ સમગ્ર બ્રામ્પટન શહેરમાં મનોરંજનના એવા કાર્યક્રમો આપશે જેનો આનંદ આખું કુટુંબ લઇ શકે. રહેવાસીઓને સ્વીમિંગ, સ્કેટિંગ, ફેમિલી ફિટનેસ કાર્યક્રમો, અને વૈવિધ્યસભર અન્ય પ્રવૃત્તિઓમાં સહભાગી થવાનું નિમંત્રણ આપવામાં આવે છે. એક નજીવી ફી લાગુ પડી શકે.

ચિંગકુસી પાર્ક (Chinguacousy Park) ફેબ્રુઆરી 19 નાં રોજ શ્રેણીબદ્ધ કૌટુંબિક-મૈત્રીસભર કાર્યક્રમો યોજશે. સમગ્ર પાર્કમાં મનોરંજનથી ભરપૂર દિવસનું આયોજન વિવિધ પ્રવૃત્તિઓ અને મનોરંજન સાથે કરવામાં આવ્યું છે, જેની ઝાંખીઓ નવી સ્કેટિંગ ટ્રેઇલ અને માઉન્ટ ચિંગકુસી આસપાસ કેન્દ્રિત રહેશે.

શહેરભરના કમ્યુનિટી સેન્ટર્સ અને આઉટડોર સ્કેટિંગ ટ્રેઇલ્સમાં આપવામાં આવતી કૌટુંબિક દિવસ માટેની પ્રવૃત્તિઓની સંપૂર્ણ યાદી મેળવવા, વેબસાઇટ જુઓ www.brampton.ca

**બ્રામ્પટન પુસ્તકાલય**

બ્રામ્પટન પુસ્તકાલયની તમામ શાખાઓ કૌટુંબિક દિવસે બપોરે 1:00 - સાંજે 5:00 વાગ્યા સુધી ખુલ્લી રહેશે. કાર્યક્રમની માહિતી માટે વેબસાઇટ www.bramptonlibrary.ca પર પ્રસંગોના કેલેન્ડર પર ક્લિક કરો અથવા 905.793.4636 નંબર પર ફોન કરો.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા કોર્ડિનેટર (Media Coordinator)
સીટી ઓફ બ્રામ્પટન (City of Brampton)
905.874.3654 | natalie.stogdill@brampton.ca